### પેપર લીક પ્રકરણમાં જિલ્લો વગોવાયો

# સાબરકાંઠા જિલ્લો બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા માટે તંત્ર સજ્જ

## હિંમતનગર-ઈડર ઝોનના ૧૩૨ કેન્દ્રો ઉપર ૪૬ હજાર ઉમેદવારો પરીક્ષા આપશે

બાયડ, તા. ૮

બિનસચિવાલય ક્લાર્ક વર્ગ-૩ની પરીક્ષા આગામી રવિવારે યોજાવવાની છે ત્યારે સાબરકાંઠા જિલ્લાની શિક્ષણ વિભાગ પરીક્ષાના આયોજન માટે સજ્જ બન્યો છે. ૧૩૨ કેન્દ્રો ઉપર ૪૬ હજાર ઉમેદવારો પરીક્ષા આપવાના છે. અગાઉ પેપર લીક પ્રકરણમાં જિલ્લો વગોવાયો હોવાથી તા.૧૩ ફેબ્રુઆરીએ યોજાનારી પરીક્ષામાં જિલ્લા વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગનો એસિડ ટેસ્ટ થશે.

રાજ્યમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત વર્ષે યોજાયેલી હેડક્લાર્ક વર્ગ-૩ની પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થઈ જતાં સરકાર અને તેના વિભાગ ઉપર પસ્તાળ પડી હતી, પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ૧૧ આરોપીઓ વિરુદ્ધ પેપર લીક કરવાનો ગુનો નોંધી અત્યાર સુધીમાં ૩૩ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે જે તે સમયે પરીક્ષા રદ થઈ હતી અને પરીક્ષા પુનઃ યોજવાની સરકારે ઉમેદવારોને સાંત્વના આપી હતી. આગામી તા.૧૩ ફેબ્રુઆરીએ બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા રાજ્યમાં યોજવવાની છે જેમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને ઈડર ઝોનના ૧૩૨ પરીક્ષા કેન્દ્રો ઉપર ૪૬ હજાર ઉમેદવારી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનારી પરીક્ષામાં ભાગ લેશે.

**કેમેરા વગરના ૧૩ કેન્દ્રો ઉપર પસંદગી બોર્ડ દ્વારા કેમેરા મૂકાશે...**

જિલ્લાના ૧૩૨ કેન્દ્રો ઉપર રવિવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની હેડક્લાર્ક વર્ગ-૩ની પરીક્ષા યોજાશે. પરંતુ ૧૩ પરીક્ષા કેન્દ્રો ઉપર સી.સી.ટીવી કેમેરા ન હોવાથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ બોર્ડ દ્વારા કેમેરા લગાવી પરીક્ષાનું પારદર્શક આયોજન કરશે તેમ ડી.ઈ.ઓ. કચેરીના સૂત્રોએ જણાવ્યું છે.

**પેપર લીક પ્રકરણનો હાઉ...**

પેપર લીક પ્રકરણમાં સાબરકાંઠા ઉપર વારંવાર છાંટા ઉડી રહ્યા છે ત્યારે આગામી તા.૧૩ ફેબ્રુઆરીએ જિલ્લાના ૧૩૨ પરીક્ષા કેન્દ્રો ઉપર બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા યોજાવવાની છે. જેમાં મોટાભાગે શિક્ષકો સુપરવાઈઝરમાં મૂકાશે પરંતુ તાજેતરમાં પેપર લીક પ્રકરણનો હાઉ સુપરવાઈઝરીને સતાવશે તેવું જણાઈ રહ્યું છે. અનેક શિક્ષકોએ તો કોઈપણ ભોગે બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષામાં કામગીરી સંભાળવી નથી તેવું જાહેરમાં બોલી રહ્યા છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાત્રે ઠંડીના કાતિલ સૂસવાટા, દિવસે ગરમીથી માંદગીનું પ્રમાણ વધ્યું

### ૨૪ કલાકમાં ડબલ ઋતુનો અનુભવ કરતી પ્રજા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

કુદરત કાળા માથાના માનવી ઉપર રીસાઈ હોય તેવા સંકેતો ગણા લાંબા સમયથી જોવા મળી રહ્યા છે. છતાં કુદરતના રીસામણાને બહુ હોંશિયાર સમજતા માનવીએ નજર અંદાજ કરતાં તેની સીધી અસરો ખેતી, પ્રકૃતિ અને માનવ શરીર રચના ઉપર સ્પષ્ટ જોવા મળી રહી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાત્રે ઠંડીના કાતિલ સૂસવાટા અને દિવસે ગરમીના મિશ્ર અનુભવને લઈને જિલ્લામાં માંદગીનું પ્રમાણ વધી ગયું છે. રાત્રે જે રીતે કાતિલ ઠંડીના સૂસવાટા પ્રજાના હાડમાંસને થીજવી નાખે છે તે જોતાં દિવસે ગરમી અનુભવાય તે પ્રજા માનવા તૈયાર નથી. ભરશિયાળે દિવસે અનુભવાતી ગરમીને લઈને આકરો ઉનાળો કેવો હશે તે બાબતે પ્રજા અત્યારથી જ ચિંતિત હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

સમગ્ર વિશ્વમાં મોસમ ઝડપથી કરવટ બદલી રહી છે. જે રીતે ઋતુચક્ર અસ્પષ્ટ બની ગયું છે તે રીતે ભારત સરકારે પણ હવે દેશમાં નવું શિયાળુ, ઉનાળુ, ચોમાસુ સમય પત્રક તૈયાર કરવું જોઈએ તેમ માની હવામાન વિભાગને નવા સમયપત્રક બાબતે તાકીદ કર્યાનું જાણવા મળ્યું છે. ગુજરાતમાં છેલ્લા ૩ મહિના ઉપર નજર કરવામાં આવે તો પ્રજા અને શાળામાં ભણતા બાળકોએ પણ ૯૦ દિવસમાં શિયાળો, ઉનાળો અને ચોમાસાની અનુભૂતિ કરી લીધી છે. જે રીતે મોસમમાં બદલાવ આવ્યો છે અને તેની સીધી અસર કેટલીક વનસ્પતિ ઉપર પણ જોવા મળી છે. ભરશિયાળે આંબા ઉપર મૉર આવવા તથા અન્ય ફળ અને પાક તેની નિર્ધારીત સીઝન કરતાં વહેલા જોવા મળવા તે વગેરે બાબત કાળા માથાના માનવી માટે એક વિસ્મય બની રહી છે. જિલ્લામાં બદલાયેલા હવામાનથી ખેડૂતોને મોટો આર્થિક ફટકો પહોંચ્યો છે. જિલ્લામાં જે રીતે કાતિલ ઠંડીના સૂસવાટા ફરી વળ્યા હતા તેથી પ્રજા રાત્રે શીતગારમાં થરથર કાંપતી હતી પરંતુ સવાર થતાં જ સામાન્ય ગરમીનો અહેસાસ થવા લાગતાં લગ્ન મંડપોમાં પણ હવે પંખા લગાવવા પડે તેવી સ્થિતિ જોવા મળી હતી. જો કે જે રીતે કાતિલ ઠંડી અને દિવસે ગરમીનું આક્રમણ જોવા મળતાં માનવ શરીર રચના બહેરૂપીયા મોસમથી પરેશાન બની રહી છે અને અનેક લોકો વાયરલ ફીવરની ઝપેટમાં જકળાઈ ગયાનું દર્દીઓની વધતી સંખ્યા ઉપરથી જોવા મળી રહ્યું છે. આગામી દિવસોમાં ઉનાળાનો આક્રમક પ્રારંભ હશે તેવું જરૂર કહી શકાય.

# વન વિભાગ સમક્ષ દિપડાને પાંજરે પૂરવાની માંગ છતાં તંત્ર નિષ્ક્રિય

### રાજેન્દ્રનગરના તબેલામાં દિપડાએ પશુનું મારણ કરતાં ફફડાટ : દિપડાના કાયમી આંટાફેરાથી પશુપાલકો, ખેડૂતોના માથે જોખમ : એક મહિનામાં તબેલામાંથી પશુઓ ઉઠાવી દિપડાએ મારણ કર્યું

બાયડ, તા. ૮

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગરના આડાના ગાઢ જંગલમાં દિપડાના કાયમી આંટાફેરા વધ્યા છે. ગત રોજ દિપડાએ જંગલ વિસ્તાર નજીક પશુપાલકના તબેલામાં ત્રાટકી એક પશુનું મારણ કરતાં પંથકમાં ફફડાટ વ્યાપ્યો છે. જંગલ વિસ્તાર નજીક ખેતર ધરાવતા ખેડૂતોએ અનેકવાર દિપડાને નજરે જોઈ પાંજરે પૂરવા માટે વન વિભાગ સમક્ષ માંગ કરી હોવા છતાં તંત્ર નિષ્ક્રિય બની રહ્યું છે. છેલ્લા એક મહિનામાં દિપડાએ તબેલામાંથી ૨ પશુઓનાં મારણ કરતાં તંત્ર સામે પશુપાલકોમાં રોષની લાગણી છે.

સાગ, સીસમ અને ટીમરૂના વૃક્ષોથી આચ્છાદિત રાજેન્દ્રનગરના જંગલમાં દિપડાનો કાયમી વસવાટ થઈ ગયો છે. જંગલ વિસ્તારમાં હિંસક દિપડાના વસવાટ માટે ખોરાક તેમજ પાણીની વ્યવસ્થા હોવાથી આ વિસ્તારમાં અવાર નવાર દિપડા દેખાતા હોય છે, તેમાંય આડાના ગાઢ જંગલમાં દિપડાએ હમણાંથી કાયમી ધામા નાખી દીધા છે. દિપડાના આગમનથી સાંજ પડે ખેત સીમાડા ભયના લીધે સૂમસામ બની રહ્યા છે. સ્થાનિક પશુપાલકોએ દિપડાના આગમનની જાણ વન વિભાગ સમક્ષ કરી હિંસક દિપડાને પાંજરે પૂરી અન્ય વિસ્તારના જંગલમાં છોડવા માટે માંગ કરી હોવા છતાં જવાબદાર ફોરેસ્ટ અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી જેથી હવે દિપડો પશુપાલકના પશુઓને શિકાર બનાવી રહ્યો છે. રાજેન્દ્રનગરના રાકેશભાઈ રામાભાઈ પટેલના તબેલામાં કેટલાક પશુઓ પૈકી દિપડાએ પાડીને ઉઠાવી જઈ જંગલમાં ફાડી ખાતાં દહેશતનો માહોલ ઉભો થયો છે. આડાના જંગલ વિસ્તાર નજીક ખેડૂતોના ખેતરો આવેલા હોવાથી રાત્રે સિંચાઈનાં પાણી આપવા તેમજ ભેલાણ અટકાવવા માટે ખેડૂતો ખેતરમાં રાતવાસો કરતા હોય છે પરંતુ હમણાંથી દિપડાની રંજાડ વધી જતાં પશુપાલકોની સાથે ખેડૂતોમાં પણ ભય ફરી વળ્યો છે. વન વિભાગ દ્વારા દિપડાને તાત્કાલિક પાંજરે પૂરવામાં નહીં આવે તો પશુઓનું મારણ કરતો દિપડો માનવભક્ષી બનવાની પણ દહેશત વ્યક્ત થઈ છે. આ અગાઉ મહેશભાઈ રાંમાભાઈ પટેલના તબેલામાંથી દિપડો વાછરડીને ઉઠાવી ગયો હતો અને તે સમયે મારણ કરતાં વન વિભાગને જાણ કરવામાં આવી છતાં પાંજરૂ ગોઠવવામાં આવતાં સ્થાનિક પશુપાલકો દ્વારા રાયગઢ રેન્જનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

**ઉચ્ચકક્ષાની સૂચના બાદ મારણ સાથે પાંજરૂ મુકાશે : રાઉન્ડ ફોરેસ્ટર**

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગરના જંગલ વિસ્તાર નજીક દિપડાનો આતંક જોવા મળી રહ્યો છે. એક મહિનામાં ૨ પશુનાં તબેલામાંથી ઉઠાવી જઈ મારણ કર્યા ત્યારે રાજેન્દ્રનગર રાઉન્ડ ફોરેસ્ટ ઓફીસર કનુભાઈ પરમારે જણાવ્યું કે ઉચ્ચકક્ષાએથી અમને સૂચના મળ્યા બાદ દિપડાને પકડવા માટે મારણ સાથે પાંજરૂ મૂકવામાં આવશે.


**જોઈએ છે ગૃહપતિ**

**સેવાનિકેતન કુમાર છાત્રાલય - બાયડ માટે**

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલયાણ અરવલ્લી જિલ્લો- મોડાસાના પત્ર નં. ના.મિ./છતલ/વશી/૨૦૨૨/૧૦૩ તા. ૨૧/૧/૨૦૨૨ના NOC મુજબ અનુ.જાતિના ગૃહપતિ ધો.૧૦ કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેર ખબર પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં પ્રમાણિત નકલો સાથે નીચેના શરનામે રજી.પોસ્ટથી અરજી કરવી.

પ્રમુખ,

**બાયડ પીપલ્સ એજ્યુકેશન સોસાયટી**

એ.ટી.ડી. કોલેજ કેમ્પસ

ચોઈલા રોડ, મુ. તા. બાયડ, જિ. અરવલ્લી પીન - ૩૮૩૩૨૫



